દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એકમનું મુખપત્ર

# વાવડ

ઓક્ટોબર, ૨૦૧૨ - ડિસેમ્બર, ૨૦૧૨ અંક



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રમુખશ્રીનો સંદેશ | 3 |
| ૨. | તંત્રી સ્થાનેથી | 4 |
| ૩. | ઘટકના વાવડ | 5 |
| ૪. | જીવન ચક્ર | 19 |
| ૫. | મહિલા MUNCH | 22 |
| ૬. | કોફી વિથ કિરણ | 25 |
| ૭. | કાવ્ય સરિતા | 26 |
| 8. | EDITOR'S MESSAGE | 28 |


# શ્રી દ.ભા.ક.વી.ઓ.જૈન એક્કમના હોદ્દેદારો

| નં | નામ | હોદ્દો | ઘટક | મોબાઈલ નં |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ચુનીલાલ જીવરાજ ગાલા | પ્રમુખ | બેંગલોર | ૯૩૪૧૨૩૧૯૫૯ |
| ૨ | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા | ઉપ પ્રમુખ | હૈદરાબાદ | ૯૩૯૧૦૧૩૯૩૯ |
| ૩ | શ્રી વિશનજી વીરજી ગંગર | ઉપ પ્રમુખ | ચેન્નાઈ | ૯૩૮૦૫૫૫૯૯૯ |
| ૪ | શ્રી ધીરેન્દ્ર કાનજી ગંગર | ઉપ પ્રમુખ | મદુરાઈ | ૯૩૬૬૧૦૨૮૩૮ |
| ૫ | શ્રી પંકજ વીરજી ગાલા | ઉપ પ્રમુખ | યુ.કે.જી. | ૯૪૪૮૧૩૭૦૩૯ |
| ૬ | શ્રી ધીરજ કાનજી નાગડા | મંત્રી | બેંગલોર | ૯૮૪૫૨૦૪૨૬૦ |
| ૭ | શ્રી રશ્મીકાંત લખમશી વિછીવોરા | ખજાનચી | બેંગલોર | ૯૮૪૪૦૫૬૮૪૨ |

# વાવડ ના તંત્રીઓ

૧ શ્રીમતી પ્રતિભા રસેશ સાવલા ૯૯૦૦૧૮૦૯૨૨

૨ શ્રીમતી ભાવના મનોજ વિછીવોરા ૯૪૪૮૪૬૦૦૫૬

# પ્રમુખશ્રીનો સંદેશ



સ્નેહી મિત્રો,

ઓગષ્ટ અને સપ્ટેમ્બર એટલે તહેવારોની મોસમ. એમાંય શિરમોર અને સૌથી અદભુત્ત મહાન પર્વ તે પર્યુષણ પર્વ. આ પર્વ દરમ્યાન જ્ઞાન, દર્શન અને ચારિત્ર એમ ત્રણેની અનુમોદના કરવામાં આવે છે. આતમના ઓરડાને સમ્યગ જ્ઞાન રૂપી પ્રકાશના ઝાકઝમાળ વડે, સમ્યગ જ્ઞાન રૂપી શ્રધ્ધાના સુંદર સંગીત વડે અને સમ્યગ ચારિત્ર રૂપી સદગુણોની સુવાસથી ભરી દેવાનું. પર્વ દરમ્યાન તપની આરાધના તથા છેલ્લે સાંવત્સરિક પ્રતિકમણ. આ રૂડા અવસરે સાંવત્સરિક પ્રતિકમણ કરતી વેળા સર્વે જીવોને ખમાવતા આપ સર્વેને અંત:કરણ પૂર્વક ખમાવું છુ. મારાથી મન વચન અને કાયાના યોગથી આપના હ્રદયને દુભાવ્યા હોય તો ક્ષમા માગું છુ.આપશ્રી પણ ઉદાર ભાવે ક્ષમા આપી જીવનને ધન્ય બનાવશો. પર્વ દરમ્યાન ઉગ્ર તપની આરાધના કરનાર સર્વે તપસ્વીઓની અંત:કરણ પૂર્વક શાતા પુછું છું  અને શાતામાં હોશોજી.

તા.૧૪ અને ૧૫મી જાન્યુઆરી ૨૦૧૨ના હૈદરાબાદમાં યોજાયેલ મહાસંમેલનમાં અનિવાર્ય સંજોગોથી મારી ગેરહાજરી હોવા છતાં સર્વે ઘટકોના પદાધિકારીઓએ મારામાં અતુટ વિશ્વાસ બતાવીને શ્રી દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એક્કમના પ્રમુખ તરીકેની નીમણુંક કરી તે બદ્દલ સર્વે ઘટકોના પદાધિકારીઓનો ખુબ ખુબ આભાર માનું છું.મારા પ્રત્યે જે વિશ્વાસ બતાવેલ છે તેને હું મારી શક્તિ મુજબ આ પદને યશસ્વી બનાવીશ. આ માટે આપ સર્વેના સાથ અને સહકારની આશા રાખું છું. આપણા એક્કમનું સ્લોગન “સંગઠને શક્તિ યુગે યુગે”ના મુજબ સર્વે સાથે મળીને એક્કમને પ્રગતિશીલ બનાવીશું.

એક્કમનો હેતુ દક્ષિણ ભારતના સમસ્ત જ્ઞાતિ પરિવારોનાં યુવા વર્ગને નિકટ લાવવાનો શરૂઆતથી પ્રયાસ થયેલ છે અને એક્કમે એમાં સારી એવી સફળતા હાંસલ કરેલ છે.પણ લક્ષ મોટો છે.માટે સર્વે પરિવારોના વડીલોને નમ્ર અપીલ કે આપના સંતાનોને એક્કમના યોજાતા દરેક કાર્યક્રમોમાં ભાગ લેવા પ્રેરિત કરશો તોજ આપણે આપણા લક્ષને યશસ્વી બનાવી શકશું. યુવા વર્ગને પણ ખાસ અપીલ કે એક્કમના આ પ્રયાસમાં ખભે ખભા મિલાવીને પદાધિકારીઓને હુંફ આપશો.

આપણે આપણી ઈચ્છાઓનું, સંકલ્પોનું અને સ્વપ્નોનું વાવેતર કરવાનું છે. વાવ્યા વિના કદીએ કાંઈ પણ લણી શકાતું નથી. વૃક્ષને વિકસવા દો. ફૂલને ખીલવા દો. ફળને આવવા દો અને પાકવા દો. જે વૃક્ષ માટે સાચું છે એ એક્કમની પ્રકૃતિ માટે પણ સાચું છે.

આપણે સૌ આપણા એક્કમના વિકાસ માટે નીત નવા કાર્યો લાવીને સૌને પ્રોત્સાહન આપીએ. દરેક ઘટકના સભ્યો પોતાના વિચારો મંતવ્યો પોતાના ઘટકના પદાધિકારીઓને જણાવશો. આપના મંતવ્યો અને વિચારો અમારા માટે પ્રોત્સાહન રૂપ રહેશે.

અંતે ફરીથી આપ સર્વે પદાધિકારીઓનો ખુબ ખુબ આભાર. ભવિષ્યમાં આપના સાથ અને સહકારની અપેક્ષા સાથે .......

ચુનીલાલ જીવરાજ ગાલા પ્રમુખના
જય જીનેન્દ્ર તથા મિચ્છામીદુક્કડમ

# તંત્રી સ્થાનેથી



પ્રિય સભ્યો,
જય જીનેન્દ્ર !

વાવડ એક ઉપયોગી અને માહિતી સભર પ્રકાશન બની રહે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. યુવા વર્ગ અને મહિલા વર્ગ માટે અલગથી એક વિભાગ શરૂ કરી રહ્યા છીએ. દરેક વાવડમાં એક સ્પર્ધાત્મક વિષય રાખવામાં આવશે જેમાં યુવા વર્ગ (૧૮વર્ષની ઉપર તથા અપરણિત) ભાગ લઇ શકશે. આવેલ વિચારો માંથી સૌથી ઉત્તમ લખાણને પ્રથમ પુરસ્કાર રૂ.૧૦૦૦/ અને બીજું પુરસ્કાર રૂ.૫૦૦/ આપવામાં આવશે અને વાવડમાં તે લખાણને પ્રકાશિત કરવામાં આવશે.

૧૨વર્ષ સુધીના બાળકો માટે દરેક વાવડના મુખ પૃષ્ઠ બનાવવા માટે પણ એક સ્પર્ધા રાખવામાં આવશે. આવનાર તહેવાર પ્રસંગોને ધ્યાનમાં રાખીને મુખ પૃષ્ઠ માટે ચિત્ર(ડ્રોઈંગ) મંગાવવામાં આવશે. આવેલ ડ્રોઈંગ માંથી ઉત્તમ ડ્રોઈંગ વાવડના મુખ પૃષ્ઠ તરીકે છાપવામાં આવશે.

અમારા આ પ્રયાસને સફળ બનાવવા આપ સૌનો સાથ અને સહકાર ખુબ જ મહત્વનો છે.આશા રાખું છુ આપ સૌ પોત પોતાના ઘટકમાં યુવા વર્ગ અને બાળકોને પ્રોત્સાહિત કરશો.

આ વાવડનો અંક આપ સુધી પહોંચતા સૌ નવરાત્રીને આવકારવા તેમજ ત્યાર બાદ આવતી “FESTIVAL OF LIGHTS” દિવાળી ની તૈયારીમાં વ્યસ્ત હશો. આપ સૌને દિવાળીની હાર્દિક શુભેચ્છા અને નવા સંવત વર્ષની શુભ મનોકામના.

પ્રતિભા રસેશ સાવલા,બંગલોર




# બેંગલોર ઘટક

**નુતન કાર્યવાહક સમિતિ:**

રવીવાર તા.૧-૪-૨૦૧૨ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભામાં ૨૦૧૨ ૨૦૧૫ માટે સમાજની કાર્યવાહક સમિતિના સભ્યો માટે નિમણુંક કરવામાં આવી હતી. ત્યારબાદ મળેલ કારોબારી સમિતિની મીટીંગમાં સભ્યોના હોદ્દા નક્કી કરવામાં આવ્યા હતા જે નીચે મુજબ છે:

| | | |
|---|---|---|
| ૧.શ્રી ચુનીલાલ જીવરાજ ગાલા | | પ્રમુખ |
| ૨.શ્રી સુશીલભાઈ ભાણજી સંગોઇ | | ઉપ પ્રમુખ |
| ૩.શ્રી રશ્મીકાંત લખમશી વિછીવોરા | | ખજાનચી |
| ૪.શ્રી ધીરજ કાનજી નાગડા | - | મંત્રી |
| ૫.શ્રી નીતિન સુંદરજી મોતા | | સહ મંત્રી |
| ૬.શ્રી પરેશ તલકશી ગાલા | | સભ્ય |
| ૭.શ્રી રમેશ માવજી ગડા | | સભ્ય |
| ૮.શ્રી તરુણ માવજી નાગડા | | સભ્ય |

---

શ્રી દક્ષિણ ભારત ક.વી.ઓ.જૈન એક્કમની હેડ ઓફીસ વર્ષ ૨૦૧૪ ૧૫મા યોજાનાર મહાસંમેલન સુધી બંગલોર સ્થિત રહેશે. આ દરમ્યાન બેંગલોર ઘટક તરફથી એક્કમની કાર્યવાહક સમિતિના સભ્યો અને તેમના હોદ્દા નીચે મુજબ રહેશે:

| | |
|---|---|
| ૧.શ્રી ચુનીલાલ જીવરાજ ગાલા | પ્રમુખ |
| ૨.શ્રી ધીરજ કાનજી નાગડા | મંત્રી |
| ૩.શ્રી નીતિન સુંદરજી મોતા | સહ મંત્રી |
| ૪.શ્રી રશ્મીકાંત લખમશી વિછીવોરા | ખજાનચી |
| ૫.શ્રી સુશીલ ભાણજી સંગોઇ | સભ્ય |
| ૬.શ્રી પરેશ તલકશી ગાલા | સભ્ય |

## અષાઢી બીજ

કચ્છી નવું વર્ષ અષાઢી બીજની ઉજવણી માટે રવીવાર તા.૨૪ ૬ ૨૦૧૨ના રોજ સમાજના સૌ સભ્યો શ્રી ભારતીય વિદ્યા ભવન,રેસ કોર્સ રોડ મધ્યે મળ્યા હતા. ચા નાસ્તા બાદ કાર્યક્રમની શરૂઆતમાં કુ. હેતલ વિશારીયા અને કુ. હિરલ મોતાએ તથા મંત્રી શ્રી ધીરજભાઈએ નવા વર્ષની શુભેચ્છા વ્યક્ત કરી સૌને આવકાર્યા હતા. કાર્યક્રમના મંગલાચરણ શ્રી ઉદયભાઈએ નવકારમંત્રની આરાધનાથી કાર્યા હતા. ત્યાર બાદ પ્રમુખ શ્રી ચુનીલાલભાઇ ગાલાએ નવા વર્ષની શુભેચ્છાઓ અર્પણ કરતા સહુનું હાર્દિક સ્વાગત કર્યું હતું. આ અવસરે નુતન કારોબારી સમિતિના સભ્યોને મંચ પર આમંત્રિત કરી પ્રમુખશ્રીએ સહુનો પરિચય કરાવ્યો હતો. પ્રમુખશ્રીએ તેમના સંબોધનમાં સહુને અને ખાસ કરીને યુવા વર્ગને સમાજ દ્વારા યોજાતા કાર્યક્રમોમાં હોંશભેર ભાગ લેવાનો અનુરોધ કર્યો હતો. પછી કચ્છી નવું વર્ષ અષાઢી બીજ ની શુભેચ્છા આપતો પ.પુ.શ્રી દેવરત્નમહારાજસાહેબનો પત્ર વાંચી સંભળાવ્યો હતો.

ત્યાર બાદ "ટેલન્ટ શો" ની શરૂઆત થઈ હતી જેમાં નાના મોટા ૧૦ ભૂલકાંઓએ ભાગ લીધો હતો. એક ગ્રુપ ડાન્સ પણ રજૂ કરવામાં આવ્યો હતો. ગત વર્ષ દરમ્યાન ધો.૧૦ અને તેથી વધુ વર્ગમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું શ્રી ચુનીલાલભાઇ ગાલા અને શ્રી કિશોરભાઈ વીરાના હસ્તે પારિતોષિક આપવામાં આવ્યા હતા. સમાજની નુતન ટેલીફોન ડીરેક્ટરી તૈયાર કરવા માટે જહેમત ઉઠાવનાર વિનીત લાલન, ચેતન ગડા, અંકિત ગાલા, વૈભવ દેઢિયા અને મેહલ વિછીવોરા તથા મુખ્ય દાતા શ્રી અશ્વિનભાઈ સાવલાના હસ્તે ડીરેક્ટરીનુ વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ જ્યોતિષના સ્વાંગમાં નમન વિછીવોરા તથા શ્રીમતી ભાવના વિછીવોરાએ સમાજ અને કાર્યવાહક સમિતિના હોદ્દેદારોની રાશીના હિસાબે રમૂજી ભવિષ્યવાણી ભાંખીને સહુને ખુબજ મનોરંજન પૂરું પાડ્યું હતું.

ત્યાર બાદ મુખ્ય કાર્યક્રમમાં અંતાક્ષરી રાખવામાં આવી હતી જેમાં છ સભ્યોની એક એક એવી છ ટીમો બનાવવામાં આવી હતી. ઓડીઓ વીડીઓના ૧૦ રાઉન્ડ રમાડવામાં આવ્યા હતા. ખુબ રસાકસી સાથે બે ટીમો વચ્ચે ટાઈ થઈ હતી. ત્યાર બાદ વિજેતા નક્કી કરવા માટે એક વધારાનો રાઉન્ડ રમાડવામાં આવ્યો હતો જેમાં ટીમ નં.ક વિજેતા થઈ હતી. આ ટીમના સભ્યો હતા શ્રી સુરેશ છેડા,શ્રી આનંદ રાંભીયા,શ્રીમતી નયના ગડા,શ્રીમતી જ્યોતિ ધરોડ,મેહલ વિછીવોરા અને સુહાની સાગર.

અંતાક્ષરીનુ સફળ આયોજન કરવા બદ્દલ શ્રીમતી કિરણ દેઢિયા, શ્રીમતી અવની ગડા, ચેતન ગડા અને વૈભવ દેઢિયાનું મોમેન્ટો અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું કચ્છી ભાષામાં સુંદર સંચાલન કરવા બદ્દલ હેતલ, હિરલ તથા મેહલને પણ મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા. લકી ડીપના વિજેતા શ્રી દિલિપ મગનલાલ ધરોડનું કુટુંબ બન્યુ હતું. સૌનો અભાર માની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ સ્વાદીષ્ટ ભોજન માણીને સૌ છુટા પડ્યા હતા.



----

## સાંવત્સરિક ક્ષમાપના મિલન

સમાજનું સાંવત્સરિક ક્ષમાપના મિલન ગુરુવાર તા. ૨૦ ૯ ૨૦૧૨ના રોજ શ્રી નાહર જૈન ભવન, ગાંધીનગર મધ્યે યોજવામાં આવ્યું હતું. શરૂઆતમાં સમાજના મંત્રી ધીરજભાઈએ સૌને આવકાર્યા હતા. પછી શ્રી ઉદયભાઈ ભેદાએ ખમત ખામણાની સઝ્ઝાય ગવડાવી હતી. ત્યાર બાદ તપસ્વીઓનું વડીલોના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી અશ્વિનભાઈ સાવલાએ ક્ષમાપનાનુ મહત્વ તેમજ સાર્થકતા અને મનુષ્ય ભવનું મહત્વ ખુબ જ સરળ ભાષામાં સમજાવ્યું હતું.

### તપસ્વીઓના નામ

| | |
|---|---|
| હંસરાજભાઈ રવજી દેઢિયા | વરસી તપ |
| કમલેશ મગનલાલ છાડવા | ૮ ઉપવાસ |
| દીપેશ કમલેશ છાડવા | ૮ ઉપવાસ |
| રમેશ માવજી ગડા | ૮ ઉપવાસ |
| નીતીન સુંદરજી મોતા | ૮ ઉપવાસ |
| કાજલ કમલેશ છાડવા | ૮ ઉપવાસ |
| રચના કમલેશ છાડવા | ૮ ઉપવાસ |
| મીનાબેન મનસુખ દેઢિયા | ૮ ઉપવાસ |
| પ્રીતીબેન લક્ષ્મીચંદ છાડવા | ૮ ઉપવાસ |
| નીકીતાબેન(ઇલાબેન) નીતીન મોતા | ૮ ઉપવાસ |
| વિધિ નીતીન મોતા | ૮ ઉપવાસ |
| હેતલ ભુપેન્દ્ર વિશરીયા | ૮ ઉપવાસ |
| રાજવી રાજેશ દેઢિયા | ૮ ઉપવાસ |

કુ.ધ્રુવી પંકજ દેઢિયા (૧૪ વર્ષ) જેણે ૧૨ એકાષણા સાથે ૧૦૮ સિદ્ધાચલ જાત્રા કરી હતી તેનુ અનુમોદન કરવામાં આવ્યું હતું.

## શ્રી ક.વિ.ઓ.વનીતા વૃંદ

- શનીવાર તા. ૩-૩-૨૦૧૨ના રોજ જાણીતા કુકીંગ નિષ્ણાત શ્રીમતી આશા સિંઘલ દ્વારા વિવિધ જાતના DESSERTS તથા STARTERSનું ડેમોન્સ્ટ્રેશન સફળતા પૂર્વક યોજાયું હતું. તેમણે બે DESSERTS – BLUE CHERRY CHEESE CAKE તથા STRAWBERRY MARGARITA PIE શીખડાવ્યા હતા. તે ઉપરાંત બે STARTERS – CORN AMPANDAS તથા PANEER SATAY (પનીર સાતે)નું ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. તેમણે CORN CHEESE BALLS તથા CHOCOLATE CHIFFON PIE ની રેસીપી લખાવી હતી. બધી બહેનોએ DESERTS તથા STARTERS ચાખ્યા હતા અને એક સારા કાર્યક્રમ માણવાની ખુશી સાથે વિખુટા પડ્યા હતા.

- તા.૨ ૬ ૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ અષાઢી બીજનો કાર્યક્રમ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. શ્રીમતી કિરણબેન રજનીકાંત દેઢીયાએ ખૂબ જ મહેનતથી કચ્છ ઉપર આધારિત અવનવી રમતો રમાડી હતી જેવી કે કચ્છી અટકો, કચ્છી વાક્યો પરથી હિન્દી ફિલ્મના નામ, સવાલ જવાબ વગેરે. કચ્છના ગામના નામ પરથી હાઉઝી પણ રમાડી હતી.
  ત્યાર બાદ રંગબેરંગી બાંધણી, ભરત વાળી સાડી, તથા લહેરીયો પહેરી બહેનોએ રેમ્પ વોક કર્યો હતો. જેના ૩ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા:
  - ૧ લુ: શ્રીમતી જયેન્દ્રાબેન ભરત સાવલા
  - ૨ જુ: શ્રીમતી દક્ષાબેન રશ્મીકાંત વિછીવોરા
  - ૩ જુ: શ્રીમતી કાશ્મીરા ધીરજ નાગડા

  અંતમાં અલ્પાહારને માન આપીને સૌ છુટા પડ્યા હતા.

- શનીવાર તા. ૭-૭ ૧૨ના રોજ શ્રીમતી જયાબેન ગોગરીએ (જેઓ એક બ્યુટીશીયન છે) બેઝીક મેક અપ, પાર્ટી મેક અપ અને ક્વિક હેર સ્ટાઈલનું ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. ત્યાર બાદ શ્રીમતી અવની ગડાએ ટેબલ અરેન્જમેન્ટ વિષે સમજણ આપી હતી અને વિવિધ પ્રકારના ટેબલ અરેન્જમેન્ટ અને નેપકીન ફોલ્ડિંગ કરીને બતાવ્યા હતા.

- શનીવાર તા.૪ ૮ ૧૨ના રોજ પર્યુષણ નિમિત્તે આયોજિત ધાર્મિક કાર્યક્રમ દરમ્યાન શ્રીમતી અમીબેન શાહે "ચારિત્રનું મૂલ્ય" વિષય ઉપર ધાર્મિક સમજણ આપી હતી. પછી અમીબેને એમની સખી જે દીક્ષા લેવાની હતી તેમને "ચારિત્રનું મૂલ્ય" વિષે એક સ્પર્ધા વિજયક પત્ર લખ્યો હતો તે

સૌને વાંચી સંભળાવ્યો હતો. ત્યાર બાદ યશોદા, મહાવીર સ્વામીના પત્ની, ઉપર એક કાવ્ય સૌને વાંચી સંભળાવ્યો હતો. પછી એક ધાર્મિક અને અન્ય રમત રમાડી હતી. અંતમાં તેમને મોમેન્ટો આપીને આભાર માનવામાં આવ્યો હતો.

- શનીવાર તા.૧ ૯ ૨૦૧૨ના રોજ યોજાયેલ કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો. શરૂઆતમાં શ્રીમતી માયાબેન પ્રવીણ દેઢિયાએ લોગ્ગસ સૂત્ર ઉપર હાઉઝી ગેમ રમાડી હતી. ત્યારબાદ જાણીતા આર્ટ અને ક્રાફ્ટ નિષ્ણાત શ્રીમતી શૈલા પ્રસાદ દ્વારા POTATO BLOCK PRINTING તથા PAPER PUNCHINGનું માહિતી સભર ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. PAPER PUNCHING નો ઉપયોગ કરીને એક સુંદર કાર્ડ બનાવીને બતાવ્યું હતું. POTATO BLOCK PRINTING થી તેમણે કાપડ ઉપર એક ડીઝાઈન તથા એક સુંદર ગ્રીટિંગ કાર્ડ કરીને બતાવ્યું હતું.

## કચ્છી યુથ ફોરમ – બેંગલોર

- રવિવાર તા.૮ ૭ ૨૦૧૨ના રોજ શ્રી ડી.વી.વી.ગુજરાતી શાળા મધ્યે ૧૦ વર્ષથી ઉપરના માટે "પોલી ક્રિકેટ" ની રમતનું પ્રથમ જ વખત આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉપસ્થિત સૌએ ખૂબ જ હોંશભેર ભાગ લીધો હતો. આ રમતનું આયોજન હિરલ મોતા, હેતલ વિસરીયા અને ચેતન ગડા દ્વારા કરવામાં આવ્યું હતું.



- રવિવાર તા.૧૫ ૮ ૨૦૧૨ ભારતના સ્વાતંત્ર્યના દિવસે માગડી રોડ પર આવેલ NGO સાઈ આશ્રમની મુલાકાત લીધી હતી. શરૂઆતમાં સૌ આશ્રિતોને નાસ્તો કરાવ્યો હતો. ત્યાર બાદ આશ્રમમાં રહેતા નાના મોટા ૨૫૦ જેટલા આશ્રિતોને સંસ્થા દ્વારા સમાજના સભ્યો પાસેથી ડોનેશન રૂપે મળેલ પહેરવેશના કપડા, રમકડા વગેરે આપ્યા હતા અને તેમની સાથે સ્વાતંત્ર્ય દિવસ ઉજવ્યો હતો. આ માનવીય કાર્યમાં ૧૫ યુવા જોડાયા હતા. અંતમાં સૌ અત્યંત સંતોષની લાગણી સાથે પાછા ફર્યા હતા. તેઓ સૌ માટે સ્વાતંત્ર્ય દિવસ યાદગાર બની રહ્યો હતો.

- રવિવાર તા. ૩૦ ૯ ૨૦૧૨ના રોજ ક.વી.ઓ.સમાજમાં પ્રથમ વખત જ "ફન ફેર" નું સફળ આયોજન કર્યું હતું. નાના મોટા સૌને માટે રમત ગમત ના સ્ટોલ્સ્ રાખવામાં આવ્યા હતા. વયસ્ક સભ્યો માટે "નોટરમ" ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત સ્વાદીષ્ટ ચાટ તેમ જ ફાસ્ટ ફૂડના સ્ટોલ્સ્ રાખવામાં આવ્યા હતા. એક્કમના કારોબારી સમિતિના સભ્યોએ પણ ફન ફેર માણ્યો હતો.

# ચેન્નાઈ ઘટક

- તા.૧૦ ૬ ૨૦૧૨ના રોજ મિલનના ભવનમાં ૩૫ વર્ષની ઉપરના સભ્યો માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ૭૮ સભ્યોએ ભાગ લીધો હતો.

- તા.૭ ૭ ૨૦૧૨ના અષાઢી બીજ નવા વર્ષની ઉજવણી નિમિત્તે જમણવાર સાથે હિન્દી ફિલ્મોની સદા બહાર કવ્વાલીઓ સુફીઓ અને ગીતોનો કાર્યક્રમ સુપ્રસિધ્ધ ગાયક સૈફી તથા એના સાથીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. ૨૫૦ થી વધુ સભ્યો હાજર હતા.

- ૧૫ ઓગષ્ટ ના ધ્વજ વંદન શ્રી રમણભાઈ વિકમના હસ્તે કરવામાં આવેલ. ત્યાર બાદ વૃદ્ધાશ્રમમાં અલ્પાહાર અને જરૂરીઆતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ.



પર્યુષણ પર્વની આરાધના નિમિત્તે પારણાની પધરામણી મિલનના ભવનમાં કરવામાં આવેલ. એક હજાર વ્યક્તિઓએ પારણું ઝુલાવવાનો લાભ લીધો હતો. આઠ મંડળોએ હાજરી આપી હતી. ખૂબ જ શાનદાર કાર્યક્રમ હતો. સમૂહ પ્રતિક્રમણમાં ખૂબ જ સારી હાજરી હતી. સામુહિક પારણાં અને તપસ્વીઓનું બહુમાન તા. ૨૨ ૮ ૨૦૧૨ના ૩૦૦થી વધુ સભ્યોની હાજરીમાં સંપન્ન થયું હતું.

### તપસ્વીઓના નામ

| | |
|---|---|
| નેવીલ પ્રફુલ્લ મોતા | માસ ખમણ |
| અશ્વિન હીરજી છેડા | ૧૦ ઉપવાસ |
| હંસા દિલિપ ગાલા | ૯ ઉપવાસ |
| હીરેન ચંપક વિકમ | ૯ ઉપવાસ |
| રીના રાજુ વીરા | ૮ ઉપવાસ |
| દીપેન શશીકાન્ત વીરા | ૮ ઉપવાસ |
| મીનલ યોગીન છેડા | ૮ ઉપવાસ |
| શ્રેયા કેતન છેડા | ૮ ઉપવાસ |
| પ્રીતી પંકજ છેડા | ૮ ઉપવાસ |

| | |
|---|---|
| ધ્વની કલ્પેશ દેઢિયા | ૮ ઉપવાસ |
| નીલ કલ્પેશ દેઢિયા | ૮ ઉપવાસ |
| ભારતી પ્રશાંત કક્કા | ૮ ઉપવાસ |
| પરીતા નિતિન ગંગર | ૮ ઉપવાસ |
| કલ્પેશ ભવાનજી સાવલા | ૮ ઉપવાસ |
| હેમલતા ચંપક વિકમ | ૮ ઉપવાસ |
| તરલા કુમારપાળ અજાણી | ૮ ઉપવાસ |
| સિધ્ધિ કીશોર મોતા | ૮ ઉપવાસ |
| પ્રતીક કીશોર મોતા | ૮ ઉપવાસ |
| લોકાંક્ષી લેનીન અજાણી | ૮ ઉપવાસ |

બીજા નાના મોટા તપ ખૂબ જ મોટી સંખ્યામાં થયા હતા. આ વર્ષના પારણા અને નવકારશીનો લાભ લેનાર શ્રી જીવરાજ ચાંપશી અજાણીના પરિવારજનો હતા.

## યુવા મિલન – ચેન્નાઈ

- યુવા મિલન તરફથી ૨૨ ૭ ૨૦૧૨ના ગેમ્સનો કાર્યક્રમ યોજવામાં આવેલ. ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ. જમવાનું સ્વાદિષ્ટ અને ઇનામો પણ શાનદાર હતા.

- યુવા મિલનની નવી કાર્યવાહક સમિતિ (કમીટી)ના સભ્યો:

| | |
|---|---|
| ઈશા જીગર વીકમ | પ્રમુખ |
| અર્પિત નીતીન ગંગર | મંત્રી |
| કેયુર રમણીક છેડા | સહ મંત્રી |
| ધીરવ રમેશ ગોસર | ખજાનચી |
| વૃતિ વિજય સાવલા | સભ્ય |
| વિન્ની વિજય સાવલા | સભ્ય |
| અંકુર પોપટ ગડા | સભ્ય |
| ભક્તિ સંજય લાપસીયા | સભ્ય |

## મિલન ગૌરવ

કુ.રાજવી જીગર અરવિંદ દેઢિયા ચેન્નાઈ  ઇન્ટર ડીસ્ટ્રીક્ટ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ૧૦ વર્ષ સુધીના વય ગ્રુપમાં છોકરીઓમાં રનર અપ બની છે. તેને ખુબ ખુબ અભિનંદન.



## ચેન્નાઈ મહિલા મંડળ

- ૩૦ ૬ ૨૦૧૨ના રોજ એક ખાસ સ્પર્ધા "રસોડાની રાણી" યોજવામાં આવી હતી જેમાં ૭૨ મહિલાઓએ હાજરી આપેલ. સ્પર્ધાના વિજતો હતા:
    - શ્રીમતી મીનલ મીતેશ વોરા
    - શ્રીમતી હીના હરેશ ગડા

- મહિલા મંડળની નવી કાર્યવાહક સમિતિ (કમીટી)ના સભ્યો:

| | |
|---|---|
| અનિલા દીનેશ ભેદા | પ્રમુખ |
| સંગીતા પંકજ વીરા | મંત્રી |
| જશ્મીન નિખિલ છેડા | ખજાનચી |
| ટીના કલ્પેશ દેઢિયા | સભ્ય |
| જ્યોતિ કવિન સાવલા | સભ્ય |
| દિપ્તી જયેશ સંગોઇ | સભ્ય |
| પ્રીતી કેતન છેડા | સભ્ય |
| કીર્તીદા નીલેશ લાપસીયા | સભ્ય |
| ચેતના અતુલ દાગા | સભ્ય |

# આન્ધ્ર પ્રદેશ ઘટક



### ચાતુર્માસ સમાચાર

- શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ(સિટી)માં પ.પુ. સાધ્વી શ્રી સમયગુણાશ્રી મ.સા. તથા પ.પુ. સાધ્વી શ્રી શ્રુતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા બે નું મંગલમય ચાતુર્માસ પ્રવેશ તા.૨૨ ૬ ૨૦૧૨ના થયું હતું. આ વર્ષના ચાતુર્માસ સંઘપતિ તરીકે શ્રીમતી ભાનુમતી દેવચંદ ગાલા પરિવારે લાભ લીધો. અક્ષયનિધિ, સમવસરણ, ચૌદ પૂર્વ, સોળભતો વગેરે તપ શરૂ થયા. તા.૧૪ ૮ ૨૦૧૨ થી પર્યુષણ મહા પર્વનો પ્રારંભ થયો. તા.૨૧ ૮ ૨૦૧૨ના સાંવત્સરિક પ્રતિકમણ કરવામાં આવ્યું. આ વર્ષે તપસ્યાઓ ખૂબ જ સારી થઈ. માસક્ષમણના ૩ તપસ્વીઓ, ૧૬ ઉપવાસના ૭ તપસ્વીઓ અને અઠ્ઠાઈ તપના લગભગ ૩૬ તપસ્વીઓએ તપસ્યા કરેલ. મહાવીર જન્મ વાંચન વખતે શ્રી સંઘ વાત્સલ્ય પાનબાઈનું કુટુંબ, શ્રી સંઘ નવકારશી તથા તપસ્વીઓને પારણા કરાવવાનો લાભ માતુશ્રી શાંતાબેન હીરજી ગોસર પરિવારે લીધો. દર રવિવારે બાલ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું. દિવાળી બાદ તા.૧૪ ૧૧ ૨૦૧૨ના શ્રી ગૌતમ સ્વામી મહાપૂજન , તા.૧૫ ૧૧ ૨૦૧૨ના શ્રી પાર્શ્વ પદમાવતી મહાપૂજન અને તા.૧૮ ૧૧ ૨૦૧૨ થી સરસ્વતી મહાપૂજન એમ કુલ પાંચ પૂજનોનું આયોજન કરવામાં આવશે. પર્યુષણ દરમ્યાન ભક્તિ રમઝટ માટે મુંબઈથી દેવીબેન મેહુલ છેડા પોતાના સાથી કલાકારો સાથે પધારેલ.

- શ્રી કુલપાક્જી તીર્થ યાત્રી સંઘ દ્વારા દર મહિનાના પહેલા રવિવારે યાત્રિકોને કુલપાક્જી યાત્રા કરાવવામાં આવે છે.
- શ્રી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ, હૈદરાબાદ દ્વારા પર્યુષણ પર્વ દરમ્યાન ધર્મ આરાધના કરાવવા માટે મુંબઈથી સુશીલાબેનને બોલાવવામાં આવેલ. આ દરમ્યાન નાના બાળકોને જૈન ધર્મના પ્રાથમિક જ્ઞાન અને મોટી ઉમરનાઓ માટે વિવિધ ધર્મ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.
- પર્યુષણ મહાપર્વ સમિતિ દ્વારા તા.૨૨ ૮ ૨૦૧૨ના સામુહિક ક્ષમાપના મિલન યોજાયું. આ દરમ્યાન અઠ્ઠાઈ અને ઉચ્ચ તપસ્યાઓ કરનાર તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું. સંઘ સ્વામી વાત્સલ્યનો લાભ ૧૪ પરિવારોએ લીધો.

- તા.૨૬ ૮ ૨૦૧૨ના સામુહિક સાંજી રાખવામાં આવેલ જેમાં સ્વામી વાત્સલ્યનો લાભ સમગ્ર કચ્છી સમાજના પરિવારોએ લીધેલ.

- પ.પૂ. સા.શ્રી.સમયગુણાશ્રીજી મ.સા. આદિ ઠા. બે ની નિશ્રામાં શ્રી સંઘમાં પર્યુષણ દરમ્યાન થયેલ તપની યાદી:

| તપસ્વીઓના નામ | ઉમર વર્ષ | ગામ | ઉપવાસ |
|---|---|---|---|
| ભરતભાઈ મેઘજી ઉમરશી કારાણી | ૫૩ | બાડા | ૩૦ માસક્ષમણ |
| સોનલબેન જીતેશ મણીલાલ ગાલા | ૪૨ | દેશલપુર | ૩૦ માસક્ષમણ |
| જયવંતીબેન દિનેસ લખમશી દેઢિયા | ૫૦ | ભુજપુર | ૩૦ માસક્ષમણ |
| કસ્તુરબેન પસુભાઈ વાલજી સાવલા | ૫૨ | મોથાળા | ૨૩ |
| પારસ મહેન્દ્ર તલકશી પાસડ | ૧૪ | શેરડી | ૧૬ |
| તરંગ હિતેન મણીલાલ નાગડા | ૨૦ | વરંડી | ૧૬ |
| ધવલ વસંત દામજી વોરા | ૩૦ | નવીનાર | ૧૬ |
| નીતીન ડુંગરશી લાલજી ગડા | ૪૮ | લાયજા | ૧૬ |
| વિધાબેન ધીરજ રામજી સાવલા | ૫૨ | ભીંસરા | ૧૬ |
| ગ્રીષ્માબેન ગીરીશ પદમશી મોતા | ૩૯ | કુવાપધ્ધર | ૧૬ |
| અવનીબેન અનીશ પોપટલાલ છેડા | ૩૬ | ગોધરા | ૧૬ |
| રાજુલ અતુલ નાનજી સાવલા | ૨૦ | વાંકી | ૧૧ |
| હેમાબેન હરખચંદ મેઘજી કારાણી | ૫૩ | બાડા | ૧૦ |
| રીતેશ દિપક જાદવજી નાગડા | ૨૮ | ડુમરા | ૧૦ |
| અવની ધવલ વોરા | ૨૬ | નવીનાર | ૯ |
| હીતેન મોહનલાલ ગાલા | ૪૯ | લાખાપુર | ૯ |
| મિત વિપુલ દેવચંદ ગાલા | ૧૦ | નાના આસંબીયા | ૮ |
| કુણાલ તારાચંદ લાલજી હરિયા | ૨૯ | સાભરાઈ | ૮ |
| પિયુષ વિનોદ લીલાધર નાગડા | ૩૫ | વરંડી મોટી | ૮ |
| રાહુલ વિજય ખેતશી દેઢિયા | ૧૮ | કોડાય | ૮ |
| ગૌરવ રમેશ ખીમજી ગાલા | ૨૬ | દેશલપુર | ૮ |
| કિશોર ખીમજી કુંવરજી ગાલા | ૪૯ | પ્રતાપુર | ૮ |
| ભાવેશ તારાચંદ ભવાનજી હેણિયા | ૨૯ | સાભરાઈ | ૮ |
| તારાચંદ મગનલાલ વેલજી ગડા | ૫૪ | ભોજાય | ૮ |
| ભવ્ય રાજીવ ખીમજી મામણીયા | ૧૫ | મેરાઉ | ૮ |
| નીકેશ વેણીલાલ વિશનજી દેઢિયા | ૩૫ | નવાવાસ | ૮ |
| સમીર મણીલાલ ખીમજી ગડા | ૩૪ | સાભરાઈ | ૮ |

| | | | |
|---|---|---|---|
| ભાવિન નીતીન મોરારજી ગાલા | ૨૦ | ચિયાસર | ૮ |
| ભરત શામજી ગોસર સાવલા | ૬૫ | રાયણ | ૮ |
| શ્રેયાંસ જીતેન અમૃતલાલ ભેદા | ૧૭ | સમાઘોઘા | ૮ |
| નમન જયેશ ચંદ્રકાંત દેઢિયા | ૨૦ | ભુજપુર | ૮ |
| અક્ષય મોહનલાલ નાનજી ગાલા | ૧૯ | સાભરાઈ | ૮ |
| નિર્મળાબેન શાંતિલાલ દામજી ગડા | ૫૯ | ડુમરા | ૮ |
| કુસુમબેન સુરેશચંદ હીરજી ગોસર | ૫૮ | સાભરાઈ | ૮(મૌન)+વરસી તપ |
| મીતાબેન મહેન્દ્ર તલકશી પાસડ | ૩૯ | શેરડી | ૮ + વરસી તપ |
| કુસુમબેન જીતેન્દ્ર રાયશી ગડા | ૪૮ | નાના રતાડીયા | ૮ |
| સ્મીતાબેન નરેન નરશી ગોસર | ૫૦ | મંજલ રેલડીયા | ૮ |
| જ્યોતિબેન મુકેશ તલકશી ગાલા | ૪૮ | નરેડી | ૮ |
| રતનબેન તલકશી ખેરાજ ગાલા | ૭૪ | નરેડી | ૮ |
| ઉર્વીબેન હેમંત મણીલાલ સાવલા | ૪૪ | લાયજા | ૮ |
| મૈત્રી હેમંત મણીલાલ સાવલા | ૨૨ | લાયજા | ૮ |
| લીનાબેન વિપુલ ખીમજી સાવલા | ૩૨ | લાયજા | ૮ |
| તન્વીબેન વિમલ માવજી ધરોડ | ૨૫ | પત્રી | ૮ |
| પ્રજ્ઞાબેન રવિન્દ્ર નાનજી ગોસર | ૩૪ | હાલાપર | ૮ |
| કીર્તિબેન વિનીત ભવાનજી હેણિયા | ૪૮ | સાભરાઈ | ૮ |
| મનીષાબેન દિપેશ અમૃતલાલ ગડા | ૩૬ | મોતા આસંબીયા | ૮ |
| પ્રીતિબેન રાજીવ ખીમજી મામણીયા | ૪૪ | મેરાઉ | ૮ |
| સ્વીટુબેન માનીશ નાનજી દેઢિયા | ૩૬ | ભુજપુર | ૮ |
| વિધિ નિલેશ ચુનીલાલ નાગડા | ૧૬ | ભોજાય | ૮ |
| અનસુલ સચીન નાગડા | ૧૭ | નલિયા | ૮ |
| રીના વિજય ખેતશી દેઢિયા | - | - | ૮ |
| મનીશા મોહન ગાલા | - | - | ૮ |

- શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદ નું સંપૂર્ણ માહિતીથી સભર વસ્તી પત્રક ૨૦૧૨નું વિમોચન તા.૧૭-૬ ૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું. વસ્તી પત્રકના દાતા માતુશ્રી મણીબેન રતનશી પ્રેમજી ગોગરી (નાંગલપુર) પરિવારજનોનું સન્માન કરવામાં આવ્યું. આ વસ્તી પત્રકમાં કુટુંબના દરેક સભ્યોના ફોટા, અભ્યાસ, મોબાઈલ નંબર તેમ જ બ્લડ ગ્રુપની ઝીણવટભરી વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વસ્તી પત્રક તૈયાર કરવામાં શ્રી અરવિંદ કેશવજી છેડા (ગોધરા) તથા તેમની ટીમે ખૂબ હાર્ડ વર્ક કરી આ વસ્તી પત્રક તૈયાર કરેલ છે. ટૂંક સમયમાં તેઓ સંપર્ક સેતુ ૨૦૧૨ (ટેલીફોન ડીરેકટરી) પ્રકાશિત કરશે જેમના દાતા શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર (વરાડીયા) છે.

- કચ્છી નવું વર્ષ અષાઢી બીજ નિમિત્તે મનોરંજન સમિતિ દ્વારા " દિલને ફિર યાદ કિયા" સીઝન ૨ ની ભવ્ય રજૂઆત તા.૧૭ ૬ ૨૦૧૨ના કરવામાં આવી.

- શાંતિવન સમિતિ દ્વારા વડીલ સભ્યો માટે તા.૨૯-૭-૨૦૧૨ના મેલકોટે ગાર્ડનમાં યોગા પ્રશિક્ષણનું કાર્યક્રમ રાખવામાં આવ્યું.

- તા.૩૦ ૯ ૨૦૧૨ના કચ્છી ગીતનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

- શાંતિ પ્રાયમરી સ્કુલ દ્વારા ૧૫ ઓગષ્ટના ધ્વજ વંદનનો કાર્યક્રમ વિશાળ જનમેદની તથા સ્કુલના બાળકો વચ્ચે યોજાયો.

- મહિલા સમિતિ દ્વારા તા..૪ ૮ ૨૦૧૨ના રોજ એક અનેરી પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશાળ સંખ્યામાં મહિલાઓએ ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવેલ.

- શ્રી દ.ભા.ક.વિ.ઓ. જૈન એક્કમના ઉપક્રમે મદુરાઈ ઘટક દ્વારા તા.૧૫ ૧૬ ઓગષ્ટના રોજ કોડાઈ કેનાલ સ્થિત આયોજિત યુથ કેમ્પ માં એ.પી. ઘટકમાંથી ૩૮ યુવા યુવતીઓએ ભાગ લીધો. ગ્રુપ લીડર તરીકે શ્રીમતી લતાબેન દેઢિયા અને શ્રીમતી જયશ્રીબેન કારાણી સાથે રહ્યા હતા.

- આંધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ સમાજ ના પ્રમુખ અને શ્રી દ.ભા.ક.વિ.ઓ. જૈન એક્કમના ઉપ પ્રમુખ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા અને શ્રીમતી લીલમબેન કાપડિયાના લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ થતા ગોલ્ડન જ્યુબિલી ઉજવણીના અનુસંધાનમાં શ્રી ટોકરશી લાલજી કાપડિયા પરિવાર તરફથી ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટને ૧૦૦૦ (એક હજાર) ડાયાલીસીસ માટે રૂ.૫૦૦૦૦૦/ (પાંચ લાખ) જેવી માતબર રકમનું દાન આપેલ છે જે ખરેખર આપણા સમાજ માટે ગૌરવરૂપ અને પ્રેરણા દાયક છે. કાપડિયા પરિવારના સમાજોપયોગી કાર્યોમાં યોગદાનથી આપણે અજાણ નથી. હમેંશા માનવ સેવાના ભેખધારી શ્રી ધીરજલાલ ટોકરશી કાપડીયાએ સમાજ અને અન્ય ગરીબોના ઉદ્ધાર માટે ક્યારેય પાછુ વળી જોયું નથી.

  ધાર્મિક, શૈક્ષણિક, સ્વાસ્થ્ય તેમજ સમાજ સેવાના અન્ય ક્ષેત્રોમાં જેમનું યોગદાન ઉચ્ચતમ રહ્યું છે, ગુપ્ત દાનોથી એમણે હજારો જરૂરતમંદ પરિવારોના આંસુઓ લુછ્યા છે. શ્રીમતી લીલમબેન તથા ધીરજભાઈ કાપડિયા, શ્રીમતી વિજયાબેન તથા કીર્તિકુમાર કાપડિયા, શ્રીમતી કલ્પનાબેન તથા શ્રી સુશીલકુમાર કાપડિયા એમના પૂ.વડીલ શ્રી ટોકરશી લાલજી કાપડીયાની કંડારેલી કેડીએ ચાલી આપણા સમાજનું નામ રોશન કર્યું છે.

# મદુરાઈ ઘટક

## કોડાઈકેનલ યુથ કેમ્પ

શ્રી દ.ભા.ક.વી.ઓ.જૈન એક્કમના નેજા હેઠળ તા. ૧૧ અને ૧૨ ઓગષ્ટના રોજ મદુરાઈ ઘટક તરફથી રમણીય હિલ સ્ટેશન કોડાઈકેનલ મધ્યે યુથ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અન્ય ઘટકોમાંથી ૭૬ યુવા/યુવતીઓએ ભાગ લીધો હતો અને ૧૩ મોટા સભ્યો હતા.

બે દિવસના કેમ્પ દરમ્યાન સાઈટ સીઇંગ, કેમ્પ ફાયર, ટ્રેકિંગ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કેમ્પને સફળ બનાવવા શ્રીમતી મિત્તલ લાલન, હેપીન લાલન અને સચિન શાહે ખૂબ જહેમત ઉઠાવી હતી અને ભાગ લેનાર યુવા/યુવતીઓ માટે યાદગાર બની રહ્યો હતો.

# ઉત્તર કર્ણાટક ઘટક

## ગદગ

### ચાતુર્માસ સમાચાર

- પ.પુ.મુનીશ્રી દેવરત્નમહારાજસાહેબની પ્રેરણાથી ૨૧ તપસ્વીજનો વરસીતપની તપસ્યા આદરેલ છે.
- પર્યુષણ પર્વ દરમ્યાન થયેલ તપસ્યા:

| | | |
|---|---|---|
| ચી.શીખા મહેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા | વીંઢ | ૧૫ ઉપવાસ |
| ચી.દીક્ષા લલિત દામજી દેઢિયા | મોટા રતાડીયા | ૮ ઉપવાસ |
| ચી.દેવાંગ અરૂણ મગનલાલ સંગોઇ | લાખાપુર | ૮ ઉપવાસ |

- પર્યુષણ પર્વ દરમ્યાન કલ્પસુત્ર પધરાવવાનો ચઢાવો શા.ઉજમશી પ્રેમજી ની કું એ લીધેલ.
- પ્રભુજીનું પારણું : માતુશ્રી મુલબાઈ પ્રેમજી છેડાના પરિવારે પધરાવેલ.
- ગદગથી ૬૨ શ્રાવક શ્રાવીકાઓનો એક સંઘ ચૈત્ય પરિપાટી નિમિત્તે બેંગલોર(જયનગર) પ.પુ.શ્રી દેવરત્નમહારાજસાહેબ આદિ ઠાણા પને વંદન કરવા ગયેલ. ત્યાર પછી બેંગલોરના સુશીલધામ, દેવનહલ્લી, ચીક્પેટ જીનાલયોના દર્શન પણ કરેલ.
- ગદગ શ્રીસંઘમાં વરસીતપ વાળા ૨૧ તપસ્વીઓના નવકારશી પારણાઓનું ખુબજ વ્યવસ્થિત પુર્ણ આયોજન થઈ રહ્યું છે.પ્રત્યેક પારણા નવકારશીનો નકારો રૂ.૩૫૦૦/ હોઈ ઘણા દાતા પરિવારો લાભ લઇ રહ્યા છે.

### શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ ધોરણોમાં ઉત્તીર્ણ થયેલ વિધાર્થીઓ

| | | | |
|---|---|---|---|
| કેવલ હર્ષદ સુંદરજી પાસડ | ભોજાય | એસ.એસ.એલ.સી. | ૮૨ % |
| અર્પીત હિતેન્દ્ર ખીમજી વીરા | દેવપુર | ૧લું પી.યુ.સી. | ૫૯ % |
| દિપ્તી નવિન હેમરાજ નાગડા | મોથાળા | ૧લું પી.યુ.સી. | ૫૫ % |

| | | | |
|---|---|---|---|
| કિંજલ વિજય સુંદરજી ગોસર | શેરડી | ૧૨જું પી.યુ.સી. | ૮૭ % |
| દિક્ષા લલિત દામજી દેઢિયા | મોટા રતાડીયા | Computer Science | ૬૯ % |
| દેવાંગ અરૂણ મગનલાલ સંગોઇ | લાખાપુર | Automobile Engg | ૬૨ % |
| નેહા હિતેન્દ્ર ખીમજી વીરા | દેવપુર | Final Yr MBA | ૬૨ % |

# બેલ્લારી

## 1. CONCERT PARTICIPATION DETAILS:

It was the First time in Bellary; **Marantha School of Music** had organized a concert "rock show" **on 25th of august 2012**. Out of seven groups that took part, one was the "vintage" group from Jain community. Mr. Hitesh Chheda of this group articulated his love for music by playing the most melodic musical instrument, guitar that pleased the listeners. Mr. Chandrakant Dedhia played drums fantastically which enforced audience to step onto the dance floor. Mr. Gautam Khona sung a song "ye pyar hamein kis mod pe le aaya" from film "Satte pe Satta". They combined their native abilities & intelligence with an admirable degree of dedication to the performance. The Jain group performed well.

## પર્યુષણ પર્વના વાવડ

પર્યુષણ પર્વમાં બેલ્લારી સંઘના બધાજ ઉલ્લાસ અને ઉમંગથી સંગઠિત થઈ પોતાનો સમય આત્મકલ્યાણ માટે સમર્પિત કર્યો. પર્યુષણ પર્વમાં ૪ વર્ષીય મોક્ષ હિતેશ છેડાએ એક નાટક – "પંચેન્દ્રિય જીવની ચાર ગતિ" માં ડોક્ટરનો રોલ કરેલ અને "તોતા તોતા" કવિતામાં ભાગ લીધેલ.

છઠ્ઠ પારણા પછી તા.૨ ૯ ૨૦૧૨ના સમાજનું સ્વામી વાત્સલ્યનું જમણનું આયોજન કરવામાં આવેલ. તેમાં એક મિનિટ ગેમ,કપલ ગેમ રમાડવામાં આવી. કપલ ગેમમાં કેન્ડલ લાઇટ કરીને નિયુક્ત સ્થળે પહોંચવા માટે ચંદ્રકાંત અને સૌ.મીના દેઢીયાને ૧ લું ઇનામ મેળવ્યું. જમ્યા પછી પાસીંગ ધ પાર્સલ અને હાઉઝી ગેમ રમાડવામાં આવી હતી. શા.સોમચંદ મુનવર પરિવાર તરફથી ચૈત્ય પરિપાટીની જાત્રા માટે તા.૯ ૯ ૧૨ના બેલ્લારી સંઘ હુબલી ગયો હતો.

## સ્પોર્ટ્સ ડે

તા. ૨૩ ૧૦ ૧૧ના દિવસે યુવક મંડળે સ્પોર્ટ્સ ડે ઉજવ્યો હતો. એમાં ક્રિકેટ, થ્રો બોલ, લીંબુ ચમચી, રેસ અને કપલ ગેમ્સ રમાડવામાં આવી હતી. આખા દિવસનો પ્રોગ્રામ હતો. નાના છોકારાઓથી  કરીને  ૯૦ વર્ષના વડીલોએ ભાગ લીધો હતો. ૬ વર્ષીય મોક્ષા પ્રશાંત છેડા લીંબુ ચમચીની રમતમાં પ્રથમ આવી હતી. પોતાના હુન્નરથી ક્રિકેટમાં મેન ઓફ ધ મેચ, મેન ઓફ ધ સીરીઝની ટ્રોફી હિતેશ ચીમનલાલ છેડાએ મેળવી હતી.

## સમાજ સેવા

V-૧૦ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ દર મહીને ફ્રી હેલ્થ ચેકઅપનુ આયોજન કરે છે. પ્રશાંત શાંતિલાલ છેડા V-૧૦ના એક ટ્રસ્ટી તરીકે પોતાનો પુરેપુરો સહકાર આપે છે.

જીવન ચક્ર

# જન્મ નોંધ

## પુત્ર જન્મ

### બેંગલોર ઘટક

| | |
|---|---|
| ભાવિની પ્રતિક અશ્વિન સાવલા | વાંકી |

### આન્ધ્ર પ્રદેશ ઘટક

| | |
|---|---|
| પ્રિયા નિલેશ વસંતલાલ દેઢિયા | કોડાય |

## પુત્રી જન્મ

### આન્ધ્ર પ્રદેશ ઘટક

| | |
|---|---|
| નેહા કમલ તારાચંદ હરિયા | સાભરાઈ |
| મીના મેહુલ કુરિયા | બિદડા |

# સગાઈની વધાઈ

### બંગલોર ઘટક

| | | | |
|---|---|---|---|
| ૧. | દર્શન ઉદય જાદવજી ભેદા | ભુજપુર | બેંગલોર |
| | કોમલ શાંતિલાલ લાલજી વીરા | નાની ખાખર | કોલકતા |
| ૨. | ચાર્મી નેમીદાસ ગોગરી | ભુજપુર | બેંગલોર |
| | અમીત છગનલાલ છેડા | દેઢિયા | મુંબઈ |
| ૩. | રીચા કિરણ ગાલા | ફરાદી | બેંગલોર |
| | કપિલ કીશોર દેઢિયા | ભુજપુર | મુંબઈ |
| ૪. | રોશની હરીશચંદ્ર ભેદા | ભુજપુર | બેંગલોર |
| | ઋષભ પંકજ છેડા | મુન્દ્રા | મદુરાઈ |
| ૫. | અંકિત રસેશ સાવલા | વાંકી | બેંગલોર |
| | વ્યોમા રમેશભાઈ ખીમજી વીરા | બેરાજા | મુંબઈ |

### ચેન્નાઈ ઘટક

| | | | |
|---|---|---|---|
| ૧. | માર્શીકા પંકજ ખુશાલચંદ ગંગર | નાંગલપુર | ચેન્નાઈ |
| | કેવળ ચંદ્રકાન્ત લાલજી સાવલા | પત્રી | મુંબઈ |
| ૨. | જીગર અરુણ દામજી વિકમ | મોટી ખાખર | ચેન્નાઈ |
| | ઈશા દિલિપ રમણીક દેઢિયા | બીદડા | ચેન્નાઈ |

### આન્ધ્ર પ્રદેશ ઘટક

| | | | |
|---|---|---|---|
| ૧. | વિરલ અતુલ સાવલા | વાંકી | હૈદરાબાદ |
| | જિતેન લક્ષ્મીચંદ છેડા | વડાલા | વલસાડ |
| ૨. | ચિરાગ સંજય હરિલાલ સાવલા | સમાઘોઘા | હૈદરાબાદ |
| | શ્રુતિ ખુશાલચંદ લાલજી હરિયા | સાભરાઈ | હૈદરાબાદ |
| ૩. | વૈશાલી લક્ષ્મીચંદ સુંદરજી નાગડા | ભોજાય | હૈદરાબાદ |
| | નયન મણીલાલ રામજી માલદે | લુણી | સાંગલી |

### મદુરાઈ ઘટક

| | | | |
|---|---|---|---|
| ૧. | ચી.નીકી હેમંત રામજી છેડા | બીદડા | મદુરાઈ |
| | ચી.પુજા રમેશ શીવજી ગંગર | બાડા | મુંબઈ |
| ૨. | ચી.નીરજ મનોજ રતિલાલ છેડા | મુન્દ્રા | મદુરાઈ |
| | ચી.જીંકલ ચંદ્રેશ લક્ષ્મીચંદ પાસડ | ભોજય | બોઇસર |
| ૩. | ચી.ઋષભ પંકજ રતિલાલ છેડા | મુન્દ્રા | મદુરાઈ |
| | ચી.રોશની હરીશ મણીલાલ ભેદા | ભુજપુર | બંગલોર |

### ઉત્તર કર્ણાટક ઘટક

| | | | |
|---|---|---|---|
| ૧. | ચી.દિપ્તી નવીન હેમરાજ નાગડા | મોથાળા | ગદગ |
| | ચી.કુશલ શાંતીલાલ ભાંજી ગાલા | કોટડા રોહા | ડોંબીવલી |

## લગ્નની વધાઈ

### બેંગલોર ઘટક

| | | | |
|---|---|---|---|
| ૧. | કુ. ખુશ્બુ મનસુખ વેલજી દેઢિયા | ભુજપુર | બેંગલોર |
| | ચી. નિકેશ નેમચંદ નાનજી પોલડિયા | બિદડા | મુંબઈ |
| ૨. | કુ.રચના હસમુખ ભેદા | ભુજપુર | બેંગલોર |
| | ચી.ચિરાગ હેમંત ગોગરી | કોડાય | પુના |

### આન્ધ્ર પ્રદેશ ઘટક

| | | | |
|---|---|---|---|
| ૧. | ચી.ચિરાગ રતિલાલ પ્રેમજી છેડા | લાયજા | હૈદરાબાદ |
| | કુ.પૂર્વિ પ્રફુલ્લ આણંદજી ગાલા | ભોજાય | સાંગલી |
| ૨. | કુ.ફાલ્ગુની ભવાનજી પાસડ | શેરડી | હૈદરાબાદ |
| | ચી.ભાવેશ વસંતલાલ ટોકરશી વોરા | સમાઘોઘા | મુંબઈ-યુ.એસ.એ. |
| ૩. | કુ. કિર્તના રમેશ વીરજી દેઢિયા | ગઢશીશા | હૈદરાબાદ |
| | ચી. સાગર તારાચંદ પ્રેમજી દેઢિયા | મોટા રતાડીયા | મુંબઈ |

## અરિહંત શરણ

### બંગલોર ઘટક

| | |
|---|---|
| જવેરબેન પ્રેમજી નેણશી ગાલા | ફરાદી |
| લધીબાઈ રવજી કરમશી રાંભીયા | નાના ભાડીયા |
| લક્ષ્મીબેન શામજી છેડા | મોટા આસંબીયા |

### આન્ધ્ર પ્રદેશ ઘટક:

| | | |
|---|---|---|
| રાજબાઈ લીલાધર જીવરાજ નાગડા | વરંડી મોટી | ઉ.વ. ૯૦ |
| રાણબાઈ પ્રેમજી ગડા | મોટા આસંબીયા | ઉ.વ. ૮૮ |
| સરલાબેન ચુનિલાલ ગાલા | મોટા આસંબીયા | ઉ.વ. ૫૭ |
| લતાબેન ખીમજી દેરાજ  મારૂ | ચીઆસર | ઉ.વ. ૬૫ |
| પાયલ પદમ જેઠાલાલ હરિયા | શેરડી | ઉ.વ. ૩૦ |

### ઉત્તર કર્ણાટક ઘટક

| | | |
|---|---|---|
| વડીલ પુ. શા. પ્રેમજી કરમશી છેડા | શેરડી | ઉ.વ. ૯૪ |

### સ્વર્ગવાસ  ચક્ષુ દાન: આન્ધ્ર પ્રદેશ ઘટક:

| | | |
|---|---|---|
| ખેતશી પૂંજાભાઈ ગડા | ડુમરા | ઉ.વ. ૮૩ |

### સ્વર્ગવાસ  ચક્ષુ દાન દેહ દાન: આન્ધ્ર પ્રદેશ ઘટક:

| | | |
|---|---|---|
| રાજેન્દ્ર તલકશી ગોગરી | નારાણપુર | ઉ.વ. ૫૭ |
| વિશનજી ખીમજી વોરા | નવીનાર | ઉ.વ. ૮૦ |

# મહિલા MUNCH

શ્રી ક.વિ.ઓ. વનીતા વૃંદ બેંગલોર દ્વારા દીવાળી નિમિત્તે યોજાયેલ મીઠાઇ અને ફરસાણની સ્પર્ધામાં વિજેતા થયેલ રેસીપીઓ:

## એપલ બોલ્સ

**પ્રથમ ઇનામ વિજેતા શ્રીમતી જસ્મીન સાવલા,બેંગલોર ૯૩૪૧૨૧૮૪૦૧**

**સામગ્રી:**

| | |
|---|---|
| સફરજન | ૨ નંગ |
| માવો | ૧૦૦ ગ્રામ |
| સાકર | ૮ ટી સ્પુન |
| લીમ્બુનો રસ | ૪ ટીપાં |
| આઈસીંગ સુગર | ૨ ટી સ્પુન |
| લાલ કલર | ૨ ટીપાં |
| લવંગ, ગ્રીન કલરના ખોયા, ગ્રટેડ ચોકલેટ | ડેકોરેશન માટે |

**રીત:**

પ્રથમ સફરજનની છાલ કાઢીને ખમણી લેવા. નીતારેલા સફરજનના છીણ માંથી જ્યુસ કાઢી લેવું. આ જ્યુસમાં સાકર નાંખી ૩ તારની ચાસણી બનાવવી. ચાસણી તૈયાર થઈ ગયા બાદ એમાં સફરજનની છીણ ઉમેરી પાણી બળી જાય ત્યાંસુધી સાંતળવું. પછી માવો નાખવો. પછી ધીમા ગેસ ઉપર મિશ્રણ સાઈડ છોડે ત્યાં સુધી હલાવવું. મિશ્રણ ને ઠંડું કરવું. ગોળા વાળી એપલનું શેપ આપવું. ગોળાને આઈસિંગ તથા લાલ કલરના મિશ્રણમાં રગદોળવું. ત્યાર બાદ એપલ બોલ્સની ઉપર એક એક લવંગ ખોસવું. પછી બોલ્સને ફ્રીઝમાં ઠંડા કરવા મુકવા. છેલ્લે ગ્રીન કલરના ખોયા તથા ગ્રટેડ ચોકલેટ થી ડેકોરેટ કરવું.

## મકાઈના ઘુઘરા

### બીજું ઇનામ – શ્રીમતી ઈલા નીતીન મોતા,બેંગલોર ૦૮૦ ૨૩૧૨૯૮૮૧

**સામગ્રી: બહારના પડ માટે:**

| | |
|---|---|
| મેંદો | ૧ વાટકી |
| થીજેલું ઘી | ૧ ટેબલ સ્પુન |

**સામગ્રી: પૂરણ માટે:**

| | |
|---|---|
| અમેરીકન સ્વીટ  કોર્ન | ૪ નંગ |
| માવો | ૧/૨ વાટકી |
| ડ્રાયફ્રુટ કાજુ,બાદમ,પીસ્તા | ૩/૪ વાટકી |
| દળેલી(બુરૂ) સાકર | ૧ વાટકી |
| એલચી પાવડર | ૧ ટી સ્પુન |
| ઘી | ૧ ટેબલ સ્પુન |
| ઘી | તળવા માટે |

**બહારના પડ માટે રીત:**

મેંદાને ઝીણી ચાળણીથી ચાળી લેવું. તેમાં ઘીનું મોણ નાખી કડક લોટ બાંધવો.

**રીત:**

મકાઈને ખમણી લેવી, તેને વરાળથી પાણી નાખ્યા વગર પ્રેશર કૂકરમાં ૩ થી ૪ સીટી મરાવી બાફી લેવી. બાફેલી મકાઈ ને ખમણી લેવી જેથી એક સરખું કરકરું પૂરણ મળે. એક કડાઈમાં માવો ગુલાબી રંગનો શેકી લેવો. પછી એક કડાઈમાં ૧ ટેબલ સ્પુન ઘી લઇ મકાઈને બે થી ત્રણ મિનિટ સાંતળવો. ગેસ બંધ કરી તેમાં માવો, ડ્રાયફ્રુટ, એલચી,સાકર નાખી બરાબર મીક્સ કરવું.

મેંદાના બાંધેલા લોટના નાના લુઆ કરો. તેની પૂરી વણી અંદર પૂરણ ભરી ઘુઘરાનો શેપ આપી કાંગરી વાળો. આ ઘુઘરાને ગરમ ઘી માં ધીમા તાપે તળી લો.

## ચટપટા એટમબોમ્બ

### પ્રથમ ઇનામ – શ્રીમતી નિર્મલા ચુનીલાલ ગાલા,બંગલોર ૯૩૪૧૯૧૧૧૧૦

**સામગ્રી:**

| ઉપરના પડ માટે | પૂરણ માટે | વઘાર માટે |
|---|---|---|
| તેલ | ચણાલોટ – ૧ વાટકી | રાઈ |
| બારીક રવો ૧ વાટકો | સુકા ખોપરા ખમણ ૩/૪ વાટકી | જીરૂ |
| મીઠું | કાજુનો ભુક્કો બારીક – ૧ વાટકો | હીંગ |
| | કીશમીશ     ૨૦ ગ્રામ | |
| | તલ સફેદ – ૧/૨ વાટકી | |
| | મીઠું, સાકર,લાલ તથા લીલું મરચું વાટેલું | |
| | લીંબુ | |

| | | |
|---|---|---|
| | ગરમ મસાલો – ૧ ચમચી | |
| | કોથમીર ઝીણી સમારેલી | |

રીત:

સૌ પ્રથમ સુકા ખોપરાના ખમણને બદામી રંગનું શેકી નાખવું. ત્યાર બાદ શેકેલું ખમણ, કાજુનો બારીક ભુક્કો, કીશમીશ, સ્વાદ અનુસાર મીઠું, સાકર, લાલ તથા વાટેલું લીલું મરચું, ગરમ મસાલો , લીંબુનો રસ,ઝીણી સમારેલી કોથમીરને મીક્સ કરી મિશ્રણ બનાવવું. ત્યાર બાદ ચણાના લોટમાં બે ચમચી તેલનું મોણ નાખી લોટ બાંધી પુરી વાળી કડક (બદામી રંગની) તળી લેવી. કડક પુરીને હાથેથી બારીક ભુક્કો કરવો.

વઘાર માટે તેલ ગરમ કરી તેમાં રાઈ,જીરું તથા હીંગ નાખી વઘાર કરવો. ત્યાર બાદ તેમાં તેલ નાખી ધીમા તાપે સાંતળવો. ગેસ બંધ કરી તેમાં બનાવેલુ મિશ્રણ તથા પુરીનો ભુક્કો નાખીને બધી ચીજોને બરાબર મીક્સ કરતાં પૂરણ તૈયાર થઈ જશે.

હવે ઉપરના પડ માટે બારીક રવામાં મીઠું, બે ચમચી તેલનું મોણ નાખી પુરીનો લોટ બાંધવો. પુરી વાટીને તેમાં તૈયાર થયેલ પુરણને ભરીને એટમબોમ્બ બનાવવા. આ એટમબોમ્બને ગરમ તેલમાં ધીમા તાપે તાળી લેવા. તો થઈ ગયા તૈયાર "ચટપટા એટમબોમ્બ"

## શાહી ડ્રાયફ્રુટ ટોકરી

**બીજું ઇનામ – શ્રીમતી રીના આનંદ રાંભીયા,બંગલોર ૯૯૭૨૯૮૮૨૩૯**

**સામગ્રી:**

| ટોકરી માટે | શાહી ડ્રાયફ્રુટ માટે |
|---|---|
| કાચા કેળા – ૨ નંગ | કાચા કેળા – ૨ નંગ |
| તળવા માટે તેલ | કાજુ – ૫૦ ગ્રામ |
| મીઠું | બદામ – ૫૦ ગ્રામ |
| ચાયની ગરણી - ૨ | કાળી દ્રાક્ષ – ૨૫ ગ્રામ |
| ફુડ કલર | કીશમીશ - ૨૫ ગ્રામ |
| | શીંગદાણા – ૨૫ ગ્રામ |
| | થોડો સુકો ખોપરો |
| | લીલા મરચા, કડીપત્તો,મીઠું,તેલ,દળેલી સાકર, કલર બુંદી,ચણાનો લોટ, કલર |

### ટોકરી બનાવવા માટેની રીત

કાચા કેળાને છોલી મોટી ખમણી થી ખમણી લેવા. કઢાઈમાં તેલ મૂકી ગરમ કરવું. તેમાં એક ગરણી મૂકી તેમાં ખમણેલા કેળા દાબીને બરાબર ગોઠવી દેવા. તેની ઉપર બીજી ગરણી દબાવી તેલમાં તળવા. થોડું મીઠાનું પાણી નાખવું. ટોકરી ગુલાબી થાય એટલે કાઢી લેવી. છરીથી ધીરે ધીરે ગરણીમાંથી કાઢવી. કલર વાળી ટોકરી માટે કેળાની છીણમાં થોડો કલર નાખી પછી તેને ગરણીમાં નાખી તળવી.

## શાહી ડ્રાયફ્રુટ બનાવવા માટેની રીત

કાચા કેળાને છોલી, કઢાઈ માં તેલ ગરમ કરવું. કેળાને ખમણીથી સીધા તેલમાં ખમણવું. એક ચમચી મીઠાનું પાણી નાખવું. ગુલાબી રંગની તળાય એટલે કાઢી લેવું. આવી રીતે કેળાની સળી કાઢવી. કાજુ બદામના અડધા ટુકડા કરી તળી લેવા. શીંગદાણા તળી લેવા. કીશમીશ કાળી દ્રાક્ષ એમજ નાખવી. સુકા ખોપરાની લાંબી કતરી કરી ગુલાબી તળી લેવી. લીલા મરચાં ગોળ સુધારી તળવા. કડીપત્તા તળવા. બધી તળેલી વસ્તુ સાથે કરી દળેલી સાકર નાખી મીક્સ કરવું. પછી આ મિશ્રણ તળેલી ટોકરીમાં નાખી સજાવવું. બુંદી ની સામગ્રી મીક્સ કરી બુંદી બનાવી મીક્સ કરવી.

---

કોફી વિથ કિરણ

## નીચે આપેલા સવાલો માંથી કચ્છી અટક શોધો

૧. રાજા ને ગમે તે..

૨. એક ટેલીવીઝન સીરીઅલના પાત્રની અટક...

૩. આના ઝાડુ અને બ્રશ ભારતમાં પ્રસિદ્ધ છે..

૪. ભગવાન વિષ્ણુનું એક નામ..

૫. છોકરાનું એક નામ..

૬. એક આંકડો અને અંગ્રેજી છોકરીનું નામ પરથી બનતી અટક..

૭. રસ્તાને અંગ્રેજીમાં કહેવાય..

૮. નાપાસનું ઉલટું..

૯. ગુજરાતીમાં ભાઈને આ પણ કહેવાય..

૧૦.પ્રતિક્રમણમાં આનું પડીલેહણ કરીએ..

૧૧.સાપની એક જાત..

૧૨.તમારુનું ઉલટું..

૧૩.બોબી ફિલ્મની હિરોઈનની અટક..

૧૪.એક આફ્રિકન દેશ..

૧૫.એક જહેરીલું જંતુ અને એક મુસ્લિમ કોમ..

૧૬.એક હિન્દી આંકડો..

૧૭.પાલણ પોષણ..

૧૮. કચ્છી કહેવત  ગેલા અને ખાઈએ ગોળ ચલ્લા...

૧૯. કચ્છનું એક ગામ...

શ્રીમતી કિરણબેન રજનીકાંત દેઢિયા,બેંગલોર

# કાવ્ય સરિતા

રવીવાર તા.૩૦ ૯ ૨૦૧૨ના બેંગલોરમાં યોજાયેલ કારોબારી સમિતિની મીટીંગની કાર્યવાહી ઉપર શ્રી તારાચંદભાઇ ની instant રચના:

**કમાલ કરે ડેના.....**

દક્ષિણ ભારત ક.વી.ઓ. જી કારોબારી સમિતિમેં મેડે મલ્યા, અને કમાલ કરે ડેના,
હજી તા ટેબલ પણ ગોઠવાણા ન વા, પણ મીટીંગ શરૂ કરે કમાલ કરે ડેના,
મીટીંગ નિર્વિઘ્ન રે એટલે નવકારથી શરૂ કરે ને કમાલ કરે ડેના,
વિશનજી ગંગર "મંગલ મંદિર ખોલો" જે ગીત કે પુનર્જીવીત કરે કમાલ કરે ડેના.

E-વાવડજી વાવડ કે વધારે ચગાય, કમાલ કરે ડેના,
વેબસાઈટ જેડી મોર્ડન રજૂઆત કરે, બોઢ્ઢેકે જવાન ભનાય, કમાલ કરે ડેના,
ક્રિકેટ કે પાછો ચાલુ કરેજી ભલામણ કે સ્વીકારે, કમાલ કરે ડેના,
યુથ કેમ્પ કે નવો કલેવર ડે, ફીસ ૫૦૦ થી ૮૦૦ કરે,કમાલ કરે ડેના.

યુથ કેમ્પ જે ખર્ચેલા, પેલા ત ખૂબ ફિલ્ડીંગ ભરાયા, પણ છેલ્લે દરેક કે ગમે એડો કરે,કમાલ કરે ડેના,
કે વી ઓ મેં બોલર ત ગણે વા, પણ અંઈ બેટીંગ સારી કરે, કમાલ કરે ડેના,
Email કે પ્રોત્સાહન અને female ભાવના કે વાવડ જો તંત્રી ભનાય, કમાલ કરે ડેના,
પેલા ઠંડો પીરાયાં અને પોય ચાય પીરાય, ગરમ કરે, કમાલ કરે ડેના.

ચર્ચા સારી થઈ પણ છેલ્લે કેબિનેટ જેડો ન કરે, કમાલ કરે ડેના,
લંચ કરાઈબો ચ્યાં પણ ચોવિયાર કરાય, કમાલ કરે ડેના,
પેંઢ પેંઢ જા Editor અને Website જા પ્રતિનિધિ ગોતેલા દરેક ઘટકેં કે કામતે લગાય,કમાલ કરે ડેના,
કડુણા ના ના કરે છેલ્લે જોરથી હા ભરેને, કમાલ કરે ડેના...

**તારાચંદભાઇ ધરોડ**
**હૈદરાબાદ**

- --

## “ધબકારની ક્ષણોમાં ?”

આધૂનિક રમતોમાં ટ્વેન્ટી--ટ્વેન્ટીની ઉત્તેજક છે ક્રિકેટ,
રસાકસી થી રહસ્યમય લાગે દરેક બોલ ને બેટ,
હમેંશ રાખવાના હોય દિલ ધડક ને ઉંચા....રન રેટસ્,
હરદમ વિરૂદ્ધ ટીમની તુરત ખેરવવાની હોય વિકેટ્સ.

પુરૂષાર્થમય રેગ્યુલર પ્રેક્ટીસમાં લગાડશો તમો નેટ,
બાઉન્સનું બેલેંસ બનાવવા અપનાવજો પીચ પર મેટ,
શારિરીક ચુસ્તતાને જાળવવા ઘટાડતાજ રહો બોડી ને ફેટ,
માનસિકતામાં ન રહો, ન રહો ગભરાટમય કે અપસેટ.

મેદાન થી બહાર પણ ચાલે, સટોડીયાઓની બેટ્સ,
નિત નવા રેકોર્ડથી મલે અવનવી અને અજાયબમય ભેટ્સ,
વર્લ્ડ કપની ગ્રુપ મેચોમાં, અંતિમતા સુધી રહે ખૂબ જ ઇન્ટરેસ્ટ,
કોની જીત ના છે અનુમાન?”ધીર” કહે હાઉઝ ઘેટ?

“ધીર” છોટુભાઈ ધરોડ
બેંગલોર



# EDITOR'S MESSAGE

## FROM ME TO YOU …

Hello Dear Readers,

Books, cards, music and nature are the things that have drawn, moulded and influenced me the most. I have explored myself and grown with them. Nature has been at the core of my articles, poems, paintings and my life. I value emotions that go beyond humanity and my articles carry this flavour too as I see God in such human behaviour. These are the two things that continue to inspire me to write. Had my husband not persistently pushed me to get my articles published, they would be lying in some file in a closet. I have pursued my passion and that gives me a sense of purpose and fulfilment, apart from the appreciation and love from my readers.

Friends, we are all angels with one wing and we can only fly embracing each other. Just the thought that so many wings would be embracing me in this journey as an editor for Vavad, fills my heart with joy and excitement. I am looking forward to each one of you sharing your passion with your writings and contributions to Vavad. Make Vavad your platform to showcase your passion and share it with our readers. Our idea is to add a new perspective to their thinking, to broaden their vision and enrich the quality of their life. I'm thrilled to be the instrument to make this happen and look forward to interact with you on Vavad.

We are incorporating a few NEW SECTIONS for you…

1. **MIND MEADOW**–This section will have some thought-provoking articles to enrich your reading. You are welcome to share any interesting or remarkable piece of writing that you have read that has really inspired you.

2. **RHYTHM DOWNPOUR –**This is your cozy music corner. Any good bit of non-filmy music that has enthralled your senses is welcome from you. You need to give the link and significance of the bit of music that you suggest.

3. **VIEWPOINT** – This is a competitive section with lots of fun. It will give you a chance to share your views and win a prize if you outshine.

4. **STAR OF VAVAD** –A section to showcase any extraordinary talent or achievement by members of our community.

The content for these sections should be mailed to us on vavad12@gmail.com

Or you can write to us at :

Dhairya, # 866, Ground floor, 7th Main, 3rd Cross, HAL II Stage, Indiranagar, Bangalore – 560008.

Along with the content you send to be published please tag in your Full name, city, contact no. and email ID.

Have a bright and sparkling<br>Dussera and Deewali !!

-**Bhavana Manoj Vichhivora.**



# RHYTHM DOWNPOUR

1. Gate' Gate' –Sung by the German singer Deva Premal. Tranquil tune for complete relaxation that soothes your nerves and soaks you in peace.
   For optimal effect- Surrender to it in the shavasana posture with eyes closed.
   LINK –Google~Type-- Gate Gate Deva Premal SacredWorld
   Out of the options choose-Deva Premal(Gate-download MP3 Music) time duration 7:56
2. 'Main naraye mastana'- Sung by Pakistani singer Abida Parveen. Washes out negativity and energizes the mind,body and soul.
   For optimal effect- Stand with both the hands up. Close your eyes and imagine that you are in a forest. You are a hollow bamboo and God is a waterfall. The water starts flowing through your head. Sway your hands and move your body. As the water flows, feel your anger, jealousy, greed and all other negativity getting washed away with the power of God's purity and love. When its all gone you feel so light. Now, accommodate God inside you. Feel His love and energy within you. You are as happy and energetic as a bouncy ball.
   LINK-Youtube~Type-- Main nara-e- mastana by Abida Parveen.mp4
   Time duration 9:40 by rizwanhusnain

Bhavana Vichhivora.
manobhav18@rediffmail.com



# TOPIC FOR VIEWPOINT CONTEST…..

## 'Love and Marry or Marry and Love?'

All of us confront this situation in our lives. How would you approach this? Would you opt to love the person first and then marry or marry first and then love…….Do give it a thought. You can write to us either in Gujarati or English, the word limit is 500-600 words. The eligibility for participating is 18+ and unmarried. We must receive your viewpoint by 30.11.12 The details regarding where and how to send your content are given on the editorial page.

The first two best entries will be awarded cash prize of Rs.1000/- & Rs.500/- respectively.

# DESIGN COVER PAGE CONTEST



The cover page for this issue is designed by Ms. **Neha Dheeraj Nagda**, Bangalore.

You are welcome to put up your art skills for the next cover page. Kids upto 12 years can participate. All you have to do is create a cover page on the theme of Uttarayan(Kite Flying), Pongal or Republic day. The best drawing will be selected as the cover page for the next issue of Vavad. We must receive your cover page with the details regarding your name, age and city by 30-11-2012. So get started right away…

# STAR OF VAVAD

We would be highlighting excellence achieved in any field, by any member of our community. You can send us the details about your achievement with a high resolution photograph. Details regarding where and how to send are given on the editorial page.

### કોફી વિથ કિરણ ના જવાબ:

૧-કરસણી,૨-ગડા,૩ ગાલા,૪ હરીયા,૫ નંદુ,૬ વીસરીયા,૭ ધરોડ,૮ પાસડ,૯ વીરા,૧૦ છેડા,૧૧ નાગડા,૧૨-મારુ,૧૩ કાપડીયા,૧૪ કેનીયા,૧૫ વિછીવોરા,૧૬ સતરા,૧૭ લાલન,૧૮ ગોસર,૧૯ દેઢિયા



# KODAIKANAL YOUTH CAMP



# જીવન ના ૧૪ નીયમો

**: જીવનને જાણો અને માણો :**

૧) સમયને ઓળખતા, પ્રસંગને સાચવતા, માણસને સમજતાં અને તકને ઝડપતાં આવડી જાય તો સમજો કે, જીંદગી જીતી ગયા અને જીવી ગયાં.

૨) સુખ અને સફળતામાં તફાવત હોય છે.
જીવનમાં : જે ગમે તે મળે તેનું નામ સફળતા
જીવનમાં : જે મળે તે ગમે - તેનું નામ સુખ.

૩) અભિમાન વગરની વાણી, હેત વગરનો પ્રેમ,
અપેક્ષા વગરની લાગણી, સ્વાર્થ વગરની પ્રાર્થના.
એ જ સાચા સંબંધોની નિશાની છે.

૪) જેની જરૂર નથી તે ખરીદશો તો જેની જરૂર છે તે વેચવું પડશે. વિચારો અને જીવનમાં ઉતારો.

૫) જખમ અને જોખમનો સરવાળો એટલે જીંદગી.
ચંદન કરતા વંદન વધુ શીતળ હોય છે.
યોગી થવા કરતાં ઉપયોગી થવું વધું સારું.

૬) જીવનમાં મુશ્કેલીઓ અનેક હોય છે, પરંતુ દરેકનો એક રસ્તો હોય છે અને રસ્તો તેને જ મળે છે, જેનો ચહેરો હંમેશા હસતો હોય છે.

૭) સુખી થવા માટે ત્રણ વસ્તુ યાદ રાખવી.
રડવું નહીં, લડવું નહીં અને કોઈને નડવું નહીં.

૮) જીવનમાં તમે કોને મળશો તે સમય પર આધાર રાખે છે, પણ સમય જતા કોણ તમારી સાથે રહેશે, તે તમારી ઉપર આધાર રાખે છે.

૯) જીવનમાં લાખ દુઃખ પડે તો પણ મુખને હસતું રાખજો.
કોઈ લાખ સુવિધા આપે તો પણ ઠુકરાવજો, પણ સંબંધ રાખે જે દિલથી તેને જીવનભર નિભાવજો.

૧૦) ભગવાન તમારા બેંક એકાઉન્ટમાં પ્રેમ, આનંદ અને શાંતિ જમા કરે છે, તમારે જો ATM દ્વારા એ ઉપાડવા હોય તો તેનો પાસવર્ડ છે - પ્રાર્થના.

૧૧) બધા જ સત્યો ત્રણ પ્રક્રિયામાંથી પસાર થાય છે.
પહેલા તો તેની હાંસી ઉડાવવામાં આવે છે.
પછી તેનો વિરોધ કરવામાં આવે છે.
ત્યારબાદ તેને સ્વીકારવામાં આવે છે.

૧૨) પૈસાથી તમે સારા મિત્રો ખરીદી શકતાં નથી, પણ સારા દુશ્મનો જરૂર ખરીદી શકો છો.

૧૩) તમારા પર પડેલા દુઃખને જ્યારે તમે લોકો સામે રજુ કરો છો ત્યારે અડધાને એમાં કોઈ રસ નથી હોતો અને અડધા એમ સમજતા હોય છે કે તમે એ જ લાગના છો !

૧૪) તમારી તબિયત સારી નથી હોતી ત્યારે તમે કસરત નથી કરી શકતા અને તમારી તબિયત સારી હોય ત્યારે કસરત કરવાની જરૂર નથી. તો કસરત શું કામ કરવી ?

**સૌજન્યઃ ડૉ. નલીનકાન્તભાઈ ચોક્સી યુ.કે**